**GJSR0600043
32026**

સત્યમેવ જયતે

જામીન અરજી સ્વીકાર્યા તા.૦૬/૦૩/૨૦૨૬
જામીન અરજી નોંધ્યા તા.૦૬/૦૩/૨૦૨૬
જામીન અરજી સુનવણિ તા.૦૭/૦૩/૨૦૨૬
જામીન અરજી ફેંસલ તા.૦૭/૦૩/૨૦૨૬
સમયગાળો વર્ષ ૦૦ માસ ૦૦ દિવસ ૦૧

## મહે.એડિ. ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.માંડવી, જિ.સુરત.

**ફોજદારી પરચુ. અરજી નં. ૩૯/૨૦૨૬**

**અરજદાર/ તહોમતદાર** (૧) આશિષભાઈ મણીલાલભાઈ ચૌધરી
રહે. તુકેદગામ , કદવાલી ફળીયુ, તા.માંડવી, જી.સુરત

**વિરૂદ્ધ**

**ફરિયાદી : શ્રી સરકાર**

**(માંડવી પો.સ્ટે. સી. ગુ.ર.નં.૧૧૨૧૪૦૩૨૨૬૦૨૩૮/૨૦૨૬) ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ તથા ગુજરાત નશાબંધી ધી સુધારા અધિનિયમની કલમ ૬૫(ઈ), ૧૧૬(ખ) ના કામે અરજદાર/તહોમતદારની જામીન અરજી લગત હુકમ.**

---

અરજદાર/તહોમતદારો તર્ફે વિ.વકીલશ્રી ડી.કે.ઉપાધ્યાય

ફરિયાદપક્ષે એ.પી.પી.એફ.એમ.ગામીત

---

(૧) અરજદાર / તહોમતદારની હાલની જામીન અરજી વંચાણે લીધી. અરજદાર / તહોમતદારના વિ.વકીલશ્રીની રજુઆતો સાંભળી. અરજદાર / તહોમતદારના વિ.વકીલશ્રીની તથા વિ. એપીપીશ્રીની રજૂઆતો સાંભળી.

(૨) અરજદાર/તહોમતદાર તરફે વકીલશ્રીની એવી રજુઆત છે કે, અરજદાર / તહોમતદાર સામે પ્રોહી. એકટ કલમ ૬૫(ઈ), ૧૧૬(ખ) મુજબનો ગુનો નોંધાયેલ છે. અરજદાર / તહોમતદાર સુરત જીલ્લાના, માંડવી તાલુકાના, તુકેદ ગામના સ્થાનીક રહેવાસી છે અને પરિવાર સાથે રહેતા આવેલ છે. તેઓ નાશી ભાગી જાય તેવા ઈસમ નથી અને અરજદાર / તહોમતદાર પર તેના પરિવારની જવાબદારી છે જો અરજદાર / તહોમતદારને લાંબો સમય જેલમાં રાખવામાં આવે તેમના પરિવારને ભુખે મરવાનો વારો આવે તેમ છે. સદર કામે ટ્રાયલ ચાલતા સમય જાય તેમ છે અને સદર કામે તો અરજદાર / તહોમતદારને નામદાર કોર્ટે યોગ્ય રકમનો જામીન તથા શરતોને આધિન મુકત કરશે તો તપાસના કામે કે ન્યાયના કામે જ્યારે અને જયાં જરૂર પડશે ત્યારે અંતે ત્યાં નામદાર કોર્ટેના ફરમાન મુજબ અચુક હાજર રહી સાથે સહકાર આપશે, જેથી તેઓને યોગ્ય રકમના જામીન પર મુકત કરવા અને નામ.કોર્ટ ફરમાવે તેવી શરતોનુ પાલન કરવા તથા કોર્ટ ફરમાવે તેટલી રકમ ના જામીન આપવા તૈયાર હોઈ જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલી છે.

(૩) સામાવાળા / સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી એ આ જામીન અરજીનો વિરોધ કરી જણાવેલ છે કે, સદર ગુનાની એફ.આઈ.આર. વંચાણે લેતાં, પકડાયેલ આરોપીના કબ્જામાંથી ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટનો અલગ અલગ ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ અલગ બ્રાંન્ડની વ્હીસ્કી / બીયર ટીનની બાટલી નંગ ૧૭૪ જેની કુલ કિંમત રૂા.૨૬,૮૭૦/- નો જથ્થા સાથે પકડાઈ ગયેલ છે. વધુમાં અરજદાર / તહોમતદારનું નામ એફ.આઈ.આર.માં જણાઈ આવે છે. જેથી તેઓ સદર ગુનામાં પ્રત્યક્ષ સંડોવાયેલ છે. તહોમતદાર સદર ગુનાની ટ્રાયલ ચાલતા દરમ્યાન હાજર રહેશે નહી તેવી સંભાવનાઓને નકારી શકાય તેમ નથી. આ બીનજામીની ગુનો હોય, પ્રથમ દર્શનીય કેસ હોય, જેથી અરજદાર / તહોમતદારને જામીન મુકત નહિ કરી આ જામીન અરજી નામંજુર કરવા માટે રજુઆત કરેલી છે.

(૪) બંને પક્ષકારો ની રજુઆત સાંભળી તથા એફ.આઈ.આરને ધ્યાને લેતા અરજદાર/તહોમતદાર સામે પ્રોહી. એકટ કલમ ૬૫(ઈ), ૧૧૬(ખ) મુજબના ગુનો કરેલાની ફરીયાદની હકીકત છે. ફરીયાદની હકીકત મુજબ આ ગુનાના કામે પકડાયેલ અરજદાર / તહોમતદાર ધ્વારા અલગ-અલગ ભારતીય બનાવટની વિદેશી દારૂ / બીયર ટીનની કંપનીની શીલબંધ બાટલી / ટીન બીયરના અલગ-અલગ કુલ બાટલી નંગ-૧૭૪, કિંમત રૂ.૨૬,૮૭૦/- નો જથ્થા સાથે

પકડાયેલ હતાં. હાલના અરજદાર / તહોમતદારની તપાસ કરનાર અમલદાર ધ્વારા રીમાન્ડની માંગણી કરવામાં આવેલ નથી તથા અરજદાર / તહોમતદાર નો આ પ્રથમ ગુનો છે. આમ, અરજદાર / તહોમતદાર સામે આક્ષેપાયેલ ગુનો તે પુરાવાનો વિષય છે અને પુરાવો લીધા સિવાય તેઓને ગુનેગાર ઠેરવી શકાય તેમ નથી તથા તેઓ સામે ટ્રાયલ ચાલવામાં સમય જાય તેમ છે. તે સમયગાળામાં તેઓને જયુડી. કસ્ટડીમાં રાખવા પણ ન્યાયિક જણાઈ આવતુ નથી. વધુમાં જામીન અરજીના તબકકે પુરાવાનું વિશ્લેષણ કરવાનું રહેતું નથી. પરંતુ માત્ર ફરીયાદમાં કરેલ આક્ષેપ તથા અરજદાર / તહોમતદારએ ગુનાના કામે ભજવવેલ ભાગને ધ્યાને લેવાનો હોય છે. અરજદાર / તહોમતદાર સામે આક્ષેપાયેલ ગુનો જોતા આ કોર્ટને જામીન પર મુકત કરવા કે નહી તે વિવેકાધીન સત્તા રહેલી છે. અરજદાર / તહોમતદાર કેસ ની ટ્રાયલ દરમ્યાન દર મુદ્દતે હાજર રહેવાની ખાત્રી આપે છે. આમ, સદર કામે અરજદાર / તહોમતદાર ઉપર આક્ષેપિય ગુનો તથા આક્ષેપિત ગુનાની સજાની જોગવાઈ, અરજદાર / તહોમતદારની જામીન અરજીમાં જણાવેલ કારણો, આ તબકકે ટ્રાયલ દરમ્યાન અરજદાર / તહોમતદારની હાજરી સુનિશ્ચિત કરી શકાશે તેવા પરીબળોની હાજરી, જામીન અરજીનો નિર્ણય કરવાના તબકકે લક્ષમાં લેવા જરૂરી હોય તે તમામ પાસાઓ તથા તે અંગે નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર વડિ અદાલતોએ આપેલ માર્ગદર્શક સિધ્ધાંતો વિગેરેને ધ્યાને લેવામાં આવેલ છે. કાયદાની સામાન્ય નિતિ જામીન આપવા તે છે

અને જામીન નહિ આપવા તે અપવાદ છે. વધુમાં સંજયચંદ્ર અને બીજાઓ વિરૂધ્ધ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વે.ના કેસમાં નામ.સર્વોચ્ચ અદાલતે એ.સી.આર.૨૦૧૨ (૧) ૭૩ ના કેસમાં પ્રથાપિત કરેલ માર્ગદશક સિધ્ધાંત ધ્યાને લેતા અરજદાર / તહોમતદારને જામીન ઉપર મુકત કરવા કે નહી તે કોર્ટની વિવેકબુધ્ધી ની સત્તા છે. અરજદાર / તહોમતદાર ઉપરના ગુનાની ગંભીરતા તથા સજાની જોગવાઈ ધ્યાને લેતા અરજદાર / તહોમતદારને કેદમાં થી રીલીવ કરવાના હોઈ અને ટ્રાયલ દરમિયાન જેલમાં રાખવાનુ સરકાર ઉપર નુ ભારણ ઓછુ કરવાનુ હોઈ તેમજ અચોકકસ સમય માટે જેલમાં રાખવાની બંધારણ આર્ટીકલ ૨૧ નો ભંગ થયેલા ઠરાવેલ છે.વધુમાં ૧૯૯૭ ની કી.લો.જ.૩૧૨૪ ગુજ. ચંદ્રાસ્વામી વિરૂધ્ધ સી.બી.આઈ.ના ચુકાદાને ધ્યાને લેતા કી.પો.કોડ ની કલમ ૪૩૭ ના કલોઝ ૧–૨ માં પડતો ન હોઈ, નામ.સર્વોચ્ચ અદાલત તથા નામ.વડી અદાલતોના જામીન મુકત કરવાના સિધ્ધાંતો તથા અરજદાર / તહોમતદાર તરફે જામીન મુકત કરવાની થયેલ રજુઆતને ધ્યાને લેતા અરજદાર / તહોમતદારને વધુ સમય જયુડિ. કસ્ટડીમાં રાખવા ન્યાયોચિત જણાતુ ન હોઈ ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

૧. અરજદાર / તહોમતદારની જામીન અરજી મંજુર કરવામાં આવે છે.

૨. અરજદાર / તહોમતદારે આ ગુનાના કામે રૂપિયા ૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પુરાના) સદ્ધર સ્થાનીક જામીન તથા તેટલી જ રકમના જાત-મુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધીન તેઓને જામીન ઉપર મુકત કરવામાં આવે છે.

**-:: શરતો ::-**

૧. અરજદાર / તહોમતદારે કાયમી રહેઠાણનું સરનામુ દસ્તાવેજી પુરાવા સાથે જાહેર કરવું તેમજ જો સરનામુ બદલવાનો પ્રસંગ બને તો તાત્કાલિક નામ. કોર્ટને જાણ કરવી.

૨. અરજદાર / તહોમતદારે ફરીથી આ પ્રકારના ગુનો કરવો નહી.

૩. અરજદાર / તહોમતદારે ટ્રાયલ દરમ્યાન નિયમીત કોર્ટ સમક્ષ હાજર રહેવું.

૪. અરજદારે ચાર્જશીટ થયા સુધી દર મહિનાની ૧ થી ૫ તારીખ સુધીમાં માંડવી પોલીસ સ્ટેશનમાં હાજરી પુરાવી.

૫. ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થશે તો અરજદાર / તહોમતદારના જામીન રદ ગણી અરજદાર / તહોમતદાર જયુડી. કસ્ટડી લેવા પાત્ર થશે.

હુકમ મુજબ માંડવી પોલીસ સ્ટેશને જરૂરી યાદી કરવી.

હુકમ આજરોજ તા.૦૭મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૭/૦૩/૨૦૨૬
સ્થળ : માંડવી, જિ. સુરત.

(મનિષ મનહરભાઈ બુધ્ધભટ્ટી)
એડી. ચીફ જયુડી. મેજિસ્ટ્રેટ,
માંડવી, જિ.સુરત
(જીજે૦૦૮૫૫ )